# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 24-05-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : SUNDAY** **National News**

## આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

**************************************************

1) ભારત અને અમેરિકાએ બંને દેશો વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારીના મહત્વ પર ભાર મૂક્યો

2) પશ્ચિમ બંગાળની ફાલ્ટા વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં ભાજપના દેબાંગશુ પાંડાની જીત

3) સરકારે ઇબોલા રોગચાળા પગલે ભારતીય નાગરિકોને આફ્રિકન દેશોની બિનજરૂરી મુસાફરી ન કરવાની સલાહ આપી

4) પાકિસ્તાનના બલુચિસ્તાન પ્રાંતમાં રેલ્વે લાઇન પર થયેલા વિસ્ફોટમાં 24ના મોત અને કેટલાક ઇજાગ્રસ્ત

5) વિયેતનામમાં રમાઈ રહેલી કુશ્તી સ્પર્ધામાં, ભારતે એક સુવર્ણ સહિત 6 ચંદ્રક જીત્યા.

………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# FUR REV EAM RUBIO

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ આજે નવી દિલ્હીમાં દ્વિપક્ષીય મુદ્દે વ્યાપક ચર્ચાઓ કરી. બંને નેતાઓએ ભારત-અમેરિકા વ્યૂહાત્મક ભાગીદારીની મજબૂતાઈની પુનઃપુષ્ટિ કરી અને વેપાર, ઊર્જા, ગતિશીલતા અને પ્રાદેશિક સુરક્ષા સહિત સહયોગના મુખ્ય ક્ષેત્રોની રૂપરેખા આપી.

પ્રતિનિધિમંડળ-સ્તરની વાટાઘાટો પછી એક પત્રકાર પરિષદને સંબોધતા, ડૉ. જયશંકરે વહેલી તકે વેપાર કરાર પૂર્ણ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

મધ્યપુર્વના ઘટનાક્રમ અંગે બોલતા તેમણે પુનરોચ્ચાર કર્યો કે ભારત આ ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા ઇચ્છે છે.

## (BYTE - S-JAISHANKAR-PEACE--SI)

અમેરિકાના વિદેશમંત્રી માર્કો રુબિયોએ ભાગીદારીના વ્યૂહાત્મક પરિમાણ પર ભાર મૂક્યો, ભારતને અમેરિકાના સૌથી મહત્વપૂર્ણ ભાગીદારોમાંના એક તરીકે વર્ણવ્યું.

## (BYTE - SI-RUBIO)

ઈરાન અંગેના એક પ્રશ્નના જવાબમાં, તેમણે કહ્યું કે આ મોરચે સારા સમાચાર છે અને સંકેત આપ્યો કે ટૂંક સમયમાં વધુ સકારાત્મક વિકાસની અપેક્ષા છે.

શ્રી રુબિયો આગામી 26મી એ ક્વાડ વિદેશ મંત્રીઓની બેઠકમાં ભાગ લેશે.

# PADM AWARD

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આવતીકાલે વર્ષ 2026 માટે પદ્મ પુરસ્કારો એનાયત કરશે.

આ પ્રસંગે, આકાશવાણી 'પીપલ્સ પદ્મ ઓન આકાશવાણી' કાર્યક્રમનું પ્રસારણ કરી રહ્યું છે. આ કાર્યક્રમ આજે અને આવતીકાલે 100.1 આકાશવાણી ગોલ્ડ ચેનલ , ન્યૂઝ ઓન એર એપ અને ન્યૂઝ ઓન એર ઓફિશિયલ યુટ્યુબ ચેનલ પર પણ સાંભળી શકાશે.

# REV-PRADHAN-CBSE

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ- CBSEને ત્રુટિ રહિત પુનઃમૂલ્યાંકન પ્રક્રિયા સુનિશ્ચિત કરવામાં મદદ માટે ભારતીય પ્રોદ્યોગિકી સંસ્થા -IIT મદ્રાસ અને IIT કાનપુરના પ્રોફેસરો અને ટેકનિકલ નિષ્ણાતોની ટીમ નિયુક્ત કરવાના નિર્દેશો આપ્યા છે. CBSEના પરિણામ બાદની સેવાઓ અંગેના પોર્ટલ બાબતે વિદ્યાર્થીઓ અને વાલીની ચિંતાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે.

શિક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે IIT મદ્રાસની નિષ્ણાત ટીમ સિસ્ટમના ટેકનિકલ સુધારાઓ અમલમાં મૂકશે અને પોર્ટલની સ્થિરતા અને સર્વર કામગીરીની તપાસ કરશે.

# PIB FACT CHECK-INVESTMENT SCHEME

સરકારે કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણ ક્વોન્ટમ એઆઈ રોકાણ યોજનાનો પ્રચાર કરી રહ્યા હોવાના સોશિયલ મીડિયામાં ફરી રહેલા વિડીયોને ફગાવી દીધો છે. આ ભ્રામક વિડીયોમાં નાગરિકોને 22 હજાર રૂપિયાના પ્રારંભિક રોકાણ સામે 3 લાખ રૂપિયાની માસિક આવકનું વચન આપવામાં આવ્યું છે. પ્રેસ ઇન્ફર્મેશન બ્યુરોના તથ્ય તપાસ એકમે માહિતી આપી હતી કે આ દાવો ખોટો છે અને વાયરલ વિડિઓ એઆઈ નિર્મિત છે.

નાણામંત્રી દ્વારા આવી કોઈ રોકાણ યોજનાને સમર્થન આપવામાં આવ્યું નથી. સરકારે નાગરિકોને શંકાસ્પદ અથવા અજાણી લિંક્સ પર ક્લિક કરવાનું ટાળવા અપીલ કરી છે.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# ANDHRA-EBOLA VIRUS

સરકારે ઇબોલા ચેપના વધતા જતા કેસોને ધ્યાનમાં રાખીને ભારતીય નાગરિકોને આફ્રિકન દેશો કોંગો, યુગાન્ડા અને દક્ષિણ સુદાનની બિનજરૂરી મુસાફરી ન કરવાની સલાહ આપી છે. સરકારે આ દેશોમાં રહેલા ભારતીય નાગરિકોને સ્થાનિક આરોગ્ય માર્ગદર્શિકાનું કડક પાલન કરવા અને સાવચેતી રાખવાની સૂચના પણ આપી છે.

આંધ્રપ્રદેશના આરોગ્યમંત્રી સત્ય કુમાર યાદવે જણાવ્યું કે આફ્રિકન દેશોમાં ઇબોલા વાયરસના વધતા ફેલાવાને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે સાવચેતીના પગલાં વધુ તીવ્ર બનાવ્યા છે.

એક નિવેદનમાં, તેમણે કહ્યું, વિશાખાપટ્ટનમ, તિરુપતિ અને વિજયવાડાના આંતરરાષ્ટ્રીય હવાઈ મથક પર ખાસ દેખરેખ શરૂ કરવામાં આવી છે

# INDIA - AFRICA MEDICAL HELP

ભારતે આફ્રિકાના રોગ નિયંત્રણ કેન્દ્રોને તબીબી પુરવઠો અને રક્ષણાત્મક કીટનો પહેલો જથ્થો મોકલ્યો છે. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે આ પુરવઠો ઇબોલા રોગચાળાને ધ્યાનમાં રાખીને મોકલવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે ભારત આ સંકટનો સામનો કરવામાં આફ્રિકાને ટેકો આપવા માટે પ્રતિબદ્ધ છે.

ભારતે તેના માનવતાવાદી સહાય પ્રયાસોના ભાગ રૂપે રોગચાળા અને કુદરતી આફતો દરમિયાન ભાગીદાર દેશોને સતત ટેકો આપ્યો છે.

# UPSC- PRELIMINARY EXAMS 2026

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન UPSC દ્વારા આજે જાહેર સેવાઓ અને ભારતીય વન સેવાની પ્રાથમિક પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં યોજાઇ. દેશભરના 83 શહેરોમાં બે હજારથી વધુ પરીક્ષા સ્થળોએ પરીક્ષા લેવામાં આવી હતી. પ્રાથમિક અહેવાલ મુજબ પાંચ લાખ 49 હજાર ઉમેદવારોએ પરીક્ષા આપી હતી.

UPSC એ જણાવ્યું કે પ્રથમ વખત, ગેરરીતિ અટકાવવા અને પરીક્ષા પ્રક્રિયાની અખંડિતતાને મજબૂત બનાવવા પરીક્ષા સ્થળોએ ઉમેદવારોનું રીઅલ-ટાઇમ ફેસ ઓથેન્ટિકેશન શરૂ કરવામાં આવ્યું હતું.

# REV PAK BLAST

પાકિસ્તાનના બલુચિસ્તાન પ્રાંતમાં રેલ્વે લાઇન પર થયેલા વિસ્ફોટમાં 24ના મોત અને કેટલાક ઇજાગ્રસ્ત થયા છે. રાજધાની ક્વેટાના ચમન ફાટક રેલ્વે સ્ટેશન પાસે આ વિસ્ફોટ થયો હતો. રેલ્વે અધિકારીઓએ જણાવ્યું કે તકેદારીના ભાગરૂપે પેશાવર જતી જાફર એક્સપ્રેસ ટ્રેનને ક્વેટા રેલ્વે સ્ટેશન પર રોકી દેવામાં આવી હતી. ગૃહમંત્રીના પ્રવક્તા બાબર યુસુફઝાઈએ જણાવ્યું કે કાટમાળમાંથી મુસાફરોને બહાર કાઢવામાં આવી રહ્યા હોવાથી મૃત્યુઆંક વધી શકે છે.

દરમિયાન બલોચ લિબરેશન આર્મીના માજીદ બ્રિગેડે હુમલાની જવાબદારી સ્વીકારી છે, અને દાવો કર્યો કે આ હુમલો ટ્રેનમાં મુસાફરી કરી રહેલા પાકિસ્તાની સૈન્ય કર્મચારીઓને લક્ષ્ય બનાવીને કરાયો હતો.

# RUSSIA STRIKE-UKRAINE

રશિયાએ યુક્રેનના કિવમાં કરેલા હુમલામાં બે ના મોત થયા છે. યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલોદીમીર ઝેલેન્સકીએ જણાવ્યું કે રશિયાએ ડ્રોન અને મિસાઇલ હુમલા દરમિયાન હાઇપરસોનિક ઓરેશ્નિક બેલિસ્ટિક મિસાઇલનો ઉપયોગ કર્યો. ચાર વર્ષના યુદ્ધમાં આ હથિયારનો ઉપયોગ ત્રીજી વખત થયો છે. અધિકારીઓના જણાવ્યા મુજબ હવાઈ હુમલામાં રાજધાનીમાં ઘણી ઇમારતોને નુકસાન થયું છે અને 70 થી વધુ લોકો ઇજાગ્રસ્ત થયા છે.

રશિયાના સંરક્ષણ મંત્રાલયે અન્ય મિસાઇલો સાથે ઓરેશ્નિક મિસાઇલના ઉપયોગની પુષ્ટિ કરી છે. મંત્રાલયે જણાવ્યું કે આ હુમલાઓ રશિયાની જમીન પર નાગરિક લક્ષ્યો પર યુક્રેન દ્વારા તાજેતરના હુમલાઓના જવાબમાં કરાયા હતા

# WRESTLING

વિયેતનામના દા નાંગ ખાતે રમાઈ રહેલી 23 વર્ષથી ઓછી વયજુથની કુશ્તી સ્પર્ધામાં, ભારતીય ખેલાડીઓએ આજે એક સુવર્ણ , બે રજત અને ત્રણ કાંસ્ય સહિત 6 ચંદ્રક જીત્યા.

પુરુષોની ગ્રીકો-રોમન કેટેગરીમાં, સુમિત દલાલે ફાઇનલમાં ઉઝબેકિસ્તાનના ઓઝોદબેક ખાલિમ્બોયેવને હરાવી જીત મેળવી. 55 કિલોગ્રામ વર્ગમાં, નીરજ પટેલે તો રોહિત બુરાએ 87 કિગ્રા વર્ગમાં કાંસ્ય ચંદ્રક જીત્યો હતો.

50 કિલોગ્રામ વજનજુથમાં, સ્વીટીએ જ્યારે 59 કિલોગ્રામ વજનજુથમાં, નેહા સાંગવાને રજત ચંદ્રક જીત્યો. તો 55 કિલોગ્રામ વજનજુથમાં, અહિલ્યા શિંદેએ કિર્ગિસ્તાનની અરુકે કાદિરબેક કાયઝીને 13-2થી હરાવીને કાંસ્ય ચંદ્રક જી

# CRICKET-IPL

IPL ક્રિકેટમાં, રાજસ્થાન રોયલ્સે વાનખેડે સ્ટેડિયમ ખાતે યજમાન મુંબઈ ઈન્ડિયન્સને 30 રને હરાવ્યું. 206 રનનો લક્ષ્યાંકનો પીછો કરતાં મુંબઈ ઈન્ડિયન્સે 20 ઓવરમાં9 વિકેટે 175 રન બનાવ્યા હતા. આ જીત સાથે રાજસ્થાન રોયલ્સ પ્લે ઓફમાં પહોંચ્યું છે.

અન્ય એક મેચ આજે કોલકાતા નાઈટ રાઈડર્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે ઈડન ગાર્ડન્સ ખાતે રમાઈ રહી છે. કોલકાતા નાઈટ રાઈડર્સએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ પસંદ કરી છે. હમણાં મળતા અહેવાલ મુજબ દિલ્હી કેપિટલ્સના 4 ઓવરમાં વિના વિકેટે 39 રન થયા છે.